# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-01-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## AIMS – એન્ટી-બાયોટિકસ સામે ચેતવણી

દેશના મુખ્ય તબીબી નિષ્ણાતોએ એન્ટી-બાયોટિક્સના વધુ પડતા ઉપયોગ અને તેના પરિણામે થતાં એન્ટી-માઈક્રોબાયલ પ્રતિકારની સમસ્યા સામે ચેતવણી આપી છે. ગયા મહિને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ “મન કી બાત” કાર્યક્રમમાં લોકોને તબીબોની યોગ્ય સલાહ સાથે જ એન્ટી-બાયોટિક્સનો ઉપયોગ કરવા આગ્રહ કર્યો હતો.

આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થા – એઇમ્સના સુક્ષ્મજીવવિજ્ઞાન વિભાગના પ્રમુખ ડૉક્ટર બિમલકુમાર દાસે કહ્યું, અનેક જીવાણુ સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી એન્ટી-બાયોટિક્સ માટે પ્રતિરોધક થઈ જતા તે બિનઅસરકારક બની છે.

----------------------------------------------------------------------------------------

## CM – ટાઇફોઇડ નિયંત્રણ માટે સૂચના

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ટાઈફોઈડના કારણે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠક યોજી. બેઠક દરમિયાન શ્રી પટેલે દર્દીઓની સારવાર, રોગ નિયંત્રણ અને નિવારણ માટેના પગલાઓ વધુ સઘન બનાવવાના નિર્દેશ આપ્યાં.

તેમણે ગાંધીનગર સહિત રાજ્યના શહેરી ક્ષેત્રોમાં પીવાના પાણીના નમૂના દરરોજ લઈ તેની યોગ્યતા અને ક્લોરિનેશનના રિપોર્ટ્સ મેળવ્યા પછી જ પાણી વિતરણ કરવા સૂચના આપી. તેમણે વોટર ટેસ્ટીંગનો વ્યાપ વધારવા અને લીકેજીસ તાત્કાલિક ધોરણે અટકાવવાના પગલાઓ લેવા પણ તાકીદ કરી.

---

## પોલીસ દ્વારા ફરિયાદોનો નિકાલ

રાજ્યની પોલીસે છેલ્લા 10 મહિનામાં સોશિયલ મીડિયા દ્વારા એક હજાર 163 નાગરિકોની ફરિયાદોનો સુખદ નિકાલ કર્યો. પોલીસે પહેલી માર્ચ 2025ના રોજ સોશિયલ મીડિયા થકી નાગરિકોની રજૂઆતો અને ફરિયાદો સુખદ નિરાકરણ માટે વિશેષ પહેલ “ગુજરાત પોલીસ સોશિયલ મીડિયા દેખરેખ, વિશ્લેષણ અને પ્રણાલીગત નિયંત્રણ- **GP-SMASH**” શરૂ કરી હતી.

આ પહેલ થકી અત્યાર સુધીમાં ગુજરાત પોલીસને કાયદો અને વ્યવસ્થા ને લગતા 71, સાયબર ગુના ને લગતા 233, શરીર સંબંધી ગુના-71, પોલીસ ગેરવર્તણૂક-30, પ્રોહીબેશન-83, ટ્રાફિક-377, ચોરી/લૂંટ/ગુમ થવાના-109,

રેલવે-02 તેમજ અન્ય ફરિયાદો એક હજાર 150થી વધુ ફરિયાદોનો ગણતરીના સમયમાં સુખદ નિકાલ કરાયો છે.

---

## પશુપાલક પુરસ્કાર સમારોહ

પશુપાલન રાજ્ય મંત્રી રમેશ કટારાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે “શ્રેષ્ઠ પશુપાલક પુરસ્કાર વિતરણ સમારોહ” યોજાયો.તેમાં રાજ્ય,જિલ્લા અને તાલુકા કક્ષાએ વિજેતા બનેલા 565 શ્રેષ્ઠ પશુપાલકોને કુલ 91 લાખથી વધુની પ્રોત્સાહક રાશિના ચેક અર્પણ કરાયા. કાર્યક્રમ દરમિયાન રાજ્યમાં 7 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત પશુ દવાખાનાઓ-પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોનું ઈ-લોકાર્પણ અને રાજ્યમાં ગાભણ-વિયાણ થયેલા પશુઓ માટે દાણ ભરેલા વાહનોને લીલી ઝંડી અપાઈ.

---

## PGVCL દ્વારા નવી વીજલાઇનો

શહેરી તથા ગ્રામ્ય કક્ષાએ જ્યોતિગ્રામ યોજના હેઠળના ભુજ-અંજારના અંદાજે 125 ફીડરો સાથે 3 લાખ 75 હજાર વીજ ગ્રાહકોને વીજ પુરવઠો મળી રહ્યો છે. ત્યારે સામાન્ય માનવ જીવનનો જ્યાં વસવાટ છે એવા શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં ખુલ્લા વીજ વાયરો જોખમ સર્જે છે તેને રોકવા હાલે કચ્છમાં પહેલી વખત સામાન્ય 11 કે.વી.એ.ની કોટ અંદરની વીજ લાઇનો પણ હવે `શોકપ્રૂફ' હોય તેવી પાથરવાની કામગીરી કચ્છમાં શરૂ થઇ છે અને ભુજ અને અંજાર સર્કલમાં 125થી વધારે ફીડરોને પ્રથમ તબક્કે આવરી લેવામાં આવ્યા છે. જીવલેણ અકસ્માતોની

સમસ્યામાંથી મુક્તિ મેળવવા ભારત સરકારની મદદથી એમ.વી.સી.સી. નામની યોજના હેઠળ નાગરિકોની સલામતી માટેની કામગીરી કરવામાં આવી છે તેવું પીજીવીસીએલ ભુજ સર્કલના અધીક્ષકએ જણાવ્યું હતું.

-------------------------------------------------------------------------------

## કચ્છમાં ટાઇફોઇડ નિયંત્રણના પગલાં

દેશના સૌથી સ્વચ્છ શહેરનું જેને બહુમાન મળ્યું છે તેવા મધ્યપ્રદેશના ઈન્દોર તેમજ ગુજરાતનાં પાટનગર ગાંધીનગરમાં દૂષિત પાણીના કારણે ટાઈફોઈડ મહામારીએ ઉચ્ચાટ સર્જ્યો છે. ત્યારે આરોગ્ય વિભાગે ટાઈફોઈડનો વાયરો કચ્છમાં ન પ્રસરે એ માટે આગોતરાં તકેદારીનાં પગલાં ભરવાનાં શરૂ કરી દીધાં છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ખાણીપીણીની લારીઓમાં શુદ્ધ પાણીનો વપરાશ થાય છે કે કેમ અને સ્વચ્છતાનું યોગ્ય ધ્યાન રખાય છે કે નહીં તેની સમયાંતરે ચકાસણી કરવા તમામ નગરપાલિકા, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સૂચના આપવામાં આવી છે એવું રોગચાળા નિયંત્રણ અધિકારીએ જણાવ્યું હતું.

-------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગના આંકડાઓ મુજબ, અબડાસાનું મુખ્ય મથક નલિયા રાજ્યના સૌથી ઠંડા શહેર તરીકે જારી રહ્યું છે. નલિયામાં લઘુતમ તાપમાન 7 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી

ગયું હતું. જોકે, જિલ્લા મથક ભુજમાં પણ ઠંડીનું જોર યથાવત રહેતાં લઘુતમ તાપમાન 11 ડિગ્રી અને મહત્તમ 28 ડિગ્રી નોંધાયું હતું.

આગામી 24 કલાક રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. જોકે ત્યારબાદ પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. તાપમાનમાં વધારો થતાં ઠંડીનું પ્રમાણ થોડું ઘટશે અને લોકોને રાહત મળશે તેમ હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.

---------------------------------------------------------------------------------------